ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૬-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

સો સો સલામોના અધિકારી તો જીવના જોખમે બચાવકાર્ય સંપન્ન કરનારા જવાનો જ

ઉત્તરાખંડ જલપ્રલયમાં સૌથી પ્રશંસનીય કામગીરી રહી છે ભારતીય સેના તથા અર્ધલશ્કરી દળ ગણાતા ઈન્ડો તિબેટ બૉર્ડર પોલીસદળની. સામાન્ય સંજોગોમાં સેના આપણાં લશ્કરી થાણાં પર બેઠો પગાર ખાતી હોવાનો ખ્યાલ પ્રવર્તે છે, તે કેટલો ભૂલ ભરેલો છે. એની પ્રતીતિ આવી આપદાકાલીન પરિસ્થિતિમાં થતી રહી છે. જ્યારે પણ કુદરતી આફત અથવા કોમી રમખાણો જેવી માનવસર્જિત આફત કાબૂ બહાર જતી લાગે છે- રાજ્યની પોલીસ એની તમામ તાકાત લગાડી દીધા પછી પણ નિષ્ફળ નીવડતી હોય છે ત્યારે છેલ્લા ઉપાય લેખે લશ્કર બોલાવવાની ફરજ પડતી હોય છે. લશ્કરના જવાનો વિશિષ્ટ પરિસ્થિતિને કાબૂમાં આણવા માટે જરૂરી તાલીમ પામેલા હોય છે એ તો જાણે ઠીક; મહત્ત્વની બાબત એમની ફરજ નિષ્ઠા અને જીવના જોખમે પણ પરિસ્થિતિ થાળે પાડવાનો દૃઢ સંકલ્પ છે. કોઈ પણ સૈનિક આવી પડેલી આફત વખતે એને યુદ્ધનો પડકાર ગણી એમાં વિજેતા બની બહાર નીકળવાના મજબૂત ઈરાદા સાથે ઝંપલાવતો હોય છે. ઉત્તરાખંડની વિનાશકારી ઘટના જોઈને પ્રદેશના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન સુધીના મહાનુભાવો મૂંઝાઈ ગયા હતા. પરંતુ એવી પ્રલય વેળાએ ફસાયેલા શ્રદ્ધાળુઓ માટે ભારતીય લશ્કર અને અર્ધલશ્કરી દળોના જવાનો જાણે દેવદૂત બનીને ઊતરી પડ્યા. સિત્તેર હજાર કરતાં વધારે લોકોને સલામત રીતે મૃત્યુના જડબામાંથી બહાર આણનારા આ જવાનો પ્રત્યેક હિંદુસ્તાનવાસીની સો સો સલામોના હકદાર છે. એક તરફ વાયુસેનાનાં હેલિકૉપ્ટરો ફસાયેલા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરતાં હોય અને બીજી તરફ મીઢા રાજકારણીઓ મડદાં પર રાજકારણના રોટલા શેકી રહ્યા હોય એવું દૃશ્ય આખી દુનિયાએ નજરોનજર નિહાળ્યું! આપણી અર્ધસડેલી, ગંધાઈ ગયેલી લોકશાહી અને નોકરશાહીમાં જો થોડુંઘણું પણ સત્ય-શિવ અને સુંદર બચ્યું હોય તો આ જીવ સટોસટ જોખમો ખેડનારાં ભારતમાતાનાં ખમીરવંતા સંતાનોમાં જ એના સાક્ષાત્કાર થઈ શકે એમ છે. ખાટલે મોટી ખોડ એ છે કે લશ્કરના નામે ફાળવાતી અબજોની રકમમાં પણ ક્યાંક તોપોની તો ક્યાંક વિમાનોની ખરીદીમાં કટકી થતી રહે છે. કારગિલના શહીદોનાં કૉફીનમાં પણ ભ્રષ્ટાચાર થતો હોય ત્યારે કોને ફરિયાદ કરવી? શૂન્યથી ચાળીસ અંશ નીચા તાપમાનમાં સિયાચીન ગ્લેશિયર ખાતે પહેરો ભરનારા સૈનિકોના રેશનમાં, એમનાં કપડાં, પગરખાં અને હથિયારોમાં પણ કટકી થતી હોય ત્યારે એમના હૈયે કેવી કસક ઊપડતી હશે! પરંતુ શિસ્ત અને મર્યાદાના આવરણ હેઠળ એમની એ પીડા મૂંગી બની જાય છે. એમને તો ફક્ત એમને મળેલા હુકમનો જ અમલ કરવાનો રહે છે. ઉત્તરાખંડના જળપ્રલયમાં ભારતીય લશ્કરની કામગીરીની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે. આવી ઉમદા કામગીરીને લાભાર્થી એવા બચી ગયેલા શ્રદ્ધાળુઓએ તો બિરદાવી જ છે પરંતુ સરકાર પણ બિરદાવવી ઘટે. વિશ્વનાં શ્રેષ્ઠ લશ્કરોમાં ત્રીજા-ચોથા ક્રમના સૈન્ય તરીકેની પ્રતિષ્ઠા ધરાવતી ભારતીય સેના યુદ્ધકાળમાં તો સરહદોનું રક્ષણ કરતી જ રહી છે, એ સામાન્ય દિવસોમાં પણ વિક્રમરાજાના વીર વેતાળની જેમ નાગરિકોની મદદે ખડે પગે ઊભી રહે છે. આવા પ્રસંગોએ આપણી રાજદ્વારી ક્ષેત્રે કથળતી નીતિમત્તા સામે મૂકવા જોગ અને ગૌરવ લેવા જોગ એવી કર્તવ્ય પરાયણતાનાં દર્શન થયા છે, ત્યારે હળાહળ કળિયુગમાં સતયુગની સોનેરી લહેરખી ન વરતાય તો જ નવાઈ.

'આર્ષ' અક્ષરધામ પ્રવચનમાળા અંતર્ગત

'તત્વજ્ઞાન : મનુષ્ય જીવનમાં' વિષય પર ૬૪મી પ્રવચનમાળા યોજાઈ

તત્વજ્ઞાન બીજ છે એને તેનું ફળ છે આચાર, ચિારથી આચાર સુધીની આ યાત્રા છે : પૂ. બ્રહ્મવિહારીદાસ સ્વામી

ગાંધીનગર, ૨૪

પૌરાણિક શાસ્ત્રો, ભારતીય સંસ્કૃતિના સંદર્ભિત ગ્રંથો તેમજ તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતો દ્વારા અભ્યાસ તેમજ સંશોધનનો વિભાગ 'આર્ષ' દ્વારા ત્રૈમાસિક પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'તત્ત્વજ્ઞાન : મનુષ્ય જીવનમાં' ૬૪મી પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રીસર્ચ સ્કોલર, સ્કુલ ઓફ ફીલોસોફી, શ્રી સ્વામિનારાયણ મંદિર શાહીબાગ, અમદાવાદના પૂ. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ આ વિષે પ્રવચન કર્યું હતું. આ પ્રવચન માળામાં ૬૪માં પ્રવચનમાં ૧૨૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો. પ્રભાવક વક્તા સાધુ બ્રહ્મવિહારીદાસે તેમના તત્ત્વજ્ઞાનના આ પ્રવચનને અતિશય સરળ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, સામાન્ય રીતે 'તત્ત્વજ્ઞાન' શબ્દનું ઉચ્ચારણ થાય ત્યારે વાતાવરણ ગંભીર બની જતું હોય છે. તેનું કારણ આપણે તેને લાયક નથી. તત્ત્વજ્ઞાનને સરળ બનાવો ત્યારે જ જીવનમાં તેને અપનાવી શકીએ છીએ. તત્ત્વજ્ઞાન પુસ્તકમાં સુંદર લાગે છે અને મનમાં મનનીય લાગે છે હૃદયમાં ઉતરે ત્યારે જ તે ભાવાત્મક બની જાય છે. આજની આપણી જે યાત્રા છે એ પ્રેરણાથી પરિવર્તન સુધીની છે. તત્ત્વજ્ઞાન મૂળ બીજ વિચાર છે અને ફળ છે તે આચાર છે. એટલે વિચારથી આચાર સુધીની આ યાત્રા છે. તત્ત્વજ્ઞાનની પ્રયોગશાળા શુલ્કરહિત છે અને તે છે મન.

તત્ત્વજ્ઞાનમાં કેટલી તાકાત છે તે અંગે ચાર્લ્સ ડાર્વિનનું દૃષ્ટાંત આપતાં પૂ. સ્વામીશ્રીએ જણાવ્યું કે, ચાર્લ્સ ડાર્વિને તેણે માત્ર જીવસૃષ્ટિનો અભ્યાસ કર્યો છે, એણે કોઈ જીવસૃષ્ટિ બનાવી નથી. કશું જ નવીન સર્જન કર્યું નથી. જે સૃષ્ટિ કરોડો વર્ષથી પૃથ્વી પર હતી અને આજે પણ યથાવત જ છે, પરંતુ એને માત્ર એક વિચાર આવ્યો અને એમાંથી ઉત્ક્રાંતિવાદનો વિચાર આપ્યો અને સૃષ્ટિનું નિરૂપણ કરી ભગવાનનો છેદ ઉડાડી દીધો. એમાંથી એક શક્તિ પેદા થઈ અને વિચારસરણી બદલાઈ ગઈ.

ગૌત્તમ બુદ્ધનું દૃષ્ટાંત આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે, ગૌત્તમ બુદ્ધે કશું જ ટેકનિકલ સંશોધન કર્યું નથી. રોજિંદા પ્રસંગોમાંથી સાર કાઢ્યો. તેમણે જોયું કે, લોકો બીમાર થાય છે, યુવાન થાય છે, વૃદ્ધ થાય છે, મૃત્યુ પણ પામે છે. આ ઉપરાંત લોક વ્યવહાર, સંસાર જકડી લે એ પૂર્વે જ સંસાર છોડી નીકળી ગયેલા સંન્યાસી જોયા. આમ ચાર દૃષ્ટાંત નિહાળ્યા. તેથી તેમણે સૃષ્ટિ તથા આત્મા-પરમાત્માનો છેદ ઉડાડ્યો અને ક્ષણિકવાદ અથવા શૂન્યવાદ આપ્યો. આમાં તેમણે પણ કંઈ નવીન કર્યું નથી.

એક વિચાર દેશને મુક્તિ અપાવે, હેનરી ડેવીડ થોરોએ ઉપનિષદ વાંચીને વિચાર આપ્યો કે અહિંસામય રીતે યુદ્ધ કરી શકાય અને ગાંધીજીએ જીવનમાં ઉતાર્યો અને ભારતને સ્વતંત્રતા અપાવી. ગાંધીજીએ કૃપલાનીને આ વિચાર આપ્યો ત્યારે કૃપલાનીએ વિરોધ કર્યો કે હિંસક ચળવળ જ સફળ થાય તમને ઈતિહાસની ખબર નથી. ત્યારે ગાંધીજીએ કહ્યું કે ઈતિહાસ બદલાશે.

શ્રીજીમહારાજે વિચાર આપ્યો કે તત્ત્વજ્ઞાન જીવનમાં ઉતરે તો કાળ, કર્મ માયાથી પર થઈ શકાય એક વિચાર આપતા તેમણે જણાવ્યું કે 'જગત નાશવંત છે' તે દૃઢતાથી મનાય તો લોકોનું શાંતિમય જીવન થાય.

એક વખત વૈજ્ઞાનિકે સંકેત આપ્યો કે હવે એક ગ્રહ પૃથ્વી સાથે અથડાવાનો છે. થોડા વખત પછી પૃથ્વીના આકાશમાં લાલ ટપકું દેખાયું. થોડા વખત પછી નજીક આવ્યું. અઠવાડિયું બાકી હતું. હવે તો નાશ થવાનો છે. ભાગી ગયેલ બાળકો પાછા આવ્યા, પતિ-પત્નીના પ્રશ્નો દૂર થયા. દેશ-દેશના વચ્ચેના વિખવાદો શાંત થયા. ભારત-પાકિસ્તાનના વિવાદો દૂર થયા. મોટા મોટા સ્ટોર-દુકાનોએ બારણા ખૂલ્લા કર્યા. બધુ મફત..... બેંકે દેવું માફ કરી દીધું.... કારણ કે અઠવાડિયા પછી વિનાશ થવાનો છે. પરંતુ અઠવાડીયા પછી ગ્રહ પૃથ્વીથી દૂર થઈ ગયો. પાછું બધું જ વેર-ઝેર ચાલું થયું.

માણસની સમજણના ભેદને કારણે ઝઘડા ઊભા થાય છે. માણસ ધર્મ માટે મરવા તૈયાર થાય છે પણ જીવવા તૈયાર થતા નથી. તત્ત્વજ્ઞાનનો અંશ જીવનમાં ઉતારે તો તેનું કાર્ય થઈ જાય.

એસ.વી. પી.ટી.સી. કોલેજનું ગૌરવ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પી.ટી.સી. કોલેજ કડીનું પ્રથમ વર્ષનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. મહેસાણા જિલ્લામાં પ્રથમ દસમાં એસ.વી. પી.ટી.સી. કોલેજના ૬ તાલીમાર્થીઓ સ્થાન પામ્યા છે.

એસ.વી. પી.ટી.સી. કોલેજ કડીમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓએ તાજેતરમાં પી.ટી.સી.ની પરીક્ષામાં સફળ રહી કોલેજને ગૌરવ અપાવ્યું છે. મહેસાણા જિલ્લામાં પ્રથમ ૧૦ તાલીમાર્થીઓમાં એસ.વી. પી.ટી.સી. કોલેજના ઉર્વિ પટેલ ૮૧ ટકા, પરિતોષ ચૌધરી ૭૮ ટકા, વિષ્ણુભાઈ દોમડા ૭૮ ટકા, મહેશભાઈ મેર ૭૮ ટકા, હિનાબેન વાણંદ ૭૫ ટકા અને કિંજલબેન ચૌધરી ૭૪ ટકા સાથે જિલ્લામાં સ્થાન પામ્યા છે. સંસ્થાના આચાર્ય ડૉ. બાબુલાલ પટેલે અધ્યાપક ગણ અને તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના પાંચ તારલા જેઈઈમાં સફળ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના પાંચ વિદ્યાર્થીઓએ તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી દ્વારા આયોજીત જેઈઈ (એડવાન્સ) પરીક્ષામાં કવોલીફાય થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે.

જઈઈ (એડવાન્સ) પરીક્ષામાં સમગ્ર દેશમાંથી ૧૬૦૦૦ વિદ્યાર્થીઓ કવોલીફાય થયા છે. તેમાંથી ગુજરાત રાજયના ૫૦૨ ઉત્તીર્ણ થયા છે અને ગાંધીનગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાંથી સાર્થક રાઠોડ, અર્પિતા કાપડિયા, પ્રહિર લાખિયા, મેહુલ ચાવડા અને રાજ સાવલિયાએ કવોલીફાય થઈ ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓની સફળતા પાછળ પ્રસંશનીય બાબત એ રહી છે કે આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીના માર્ગદર્શન હેઠળ ખાસ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષક બી.આર. રાજપૂત, દીપકસીંગ, વિરેન સરવૈયા, અમીબેન બોટાઈ, નિધિબેન વગેરેએ ખાસ મહેનત કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું.

સફળ તેજસ્વી વિદ્યાર્થીઓને આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી, ચેરમેન વી.વી. વૈષ્ણવ તથા મેનેજીંગ ટ્રસ્ટી એમ.કે. દલસાણીયાએ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

શિશુવિહારમાં કોમ્પ્યુટર તાલીમ વર્ગ

ગાંધીનગર, તા.૨૪

શિશુવિહાર સંસ્થામાં બહેનો-ભાઈઓ માટે ૧ જુલાઈથી કોમ્પ્યુટર તાલીમની નવી બેચ શરૂ થઈ રહી છે. બેઝિક કોમ્પ્યુટર કોર્સ દરમિયાન કોમ્પ્યુટર ઓપરેટીંગ સીસ્ટમ, એસેસરીઝ, સેટીંગ્સ, એમ.એસ. ઓફિસ વિષયોની થિયરી અને પ્રેકટીકલ તાલીમ આપવામાં આવશે. પ્રત્યેક બેચ ૧૦ સંખ્યાની મર્યાદામાં હોય રસ ધરાવતા ૧૫ વર્ષથી મોટી ઉંમરના બહેનો ભાઈઓએ સત્વરે સંસ્થા કાર્યાલયમાં સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪.૩૦ થી ૭.૩૦ દરમિયાન સંપર્ક કરી નામ નોંધાવવા.

સાબર કોલેજની તેજસ્વી વિદ્યાર્થીનીને નવા સત્રમાં નિઃશુલ્ક શિક્ષણનો લાભ

ગાંધીનગર, તા.૨૪

સાબર ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ, તાજપુરની આઈ.ટી., ત્રીપલ ઈ, આઈ સી બ્રાંચ જીટીયુ દ્વારા સેમીસ્ટર-૫માં ઝળહળતી સફળતા મેળવેલ અને એસીપીસીમાં જેમનો મેરીટ નંબર ૧ થી ૫૦૦૦ સુધી હોય તે વિદ્યાર્થીનીને નવા પ્રવેશ સત્રમાં સાબર કોલેજમાં નિઃશુલ્ક પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સ્ત્રી શિક્ષણ માટે સાબર કોલેજે વિશિષ્ટ પહેલ કરી છે. સંસ્થાના ટ્રસ્ટી ગણ દ્વારા નવા પ્રવેશ સત્રમાં પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થીની કે જેણે એસીપીસીમાં જેમનો મેરીટ નંબર ૧ થી ૫૦૦૦ સુધી હોય તે વિદ્યાર્થીનીને સાબર કોલેજમાં નિઃશુલ્ક પ્રવેશ આપવાનું નક્કી કર્યું છે. નબળી આર્થિક સ્થિતિના કારણે સારી કોલેજના શિક્ષણથી વંચિત રહી જતી હોય એવી દીકરીઓ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાનું એક દાખલા રૂપી પગલું ભરેલું છે. ઉચ્ચ શિક્ષણનો લાભ છેવાડાની દરેક દીકરીને મળે એ જ ઉદ્દેશ સાથે આ નિર્ણય સંસ્થાએ લીધો છે.

સેકટર-૨ પેન્શનર્સ સમાજની ૨૭મીએ બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતા પેન્શનર્સ મિત્રોની જૂન માસની બેઠક તા. ૨૭મી જૂનના રોજ પાંચ વાગે સરકારી દવાખાના સામેના બગીચામાં મળશે. જેમાં મહત્વના પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં સંસ્થાના પ્રમુખ, મહામંત્રી, સેકટરના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. કાર્યવાહક સમિતિના સભ્યશ્રી નિરંજન ઓઝાએ જણાવેલ છે.

ધોરણ-૯ અને ૧૦માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાશે

અનુસૂચિત જાતિના ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને રૂ. ૧૨,૦૦ કરોડની શિષ્યવૃત્તિનો લાભ

ગાંધીનગર, તા. ૨૪

ધોરણ-૧ થી ૧૦માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વાર્ષિક રૂ. ૨૫૦ થી રૂ. ૧૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ કોઈપણ જાતની આવક મર્યાદા વિના આપવામાં આવે છે. અને તેનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.

હવે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂ. ૨ લાખ સુધીની હોય તેમને ડેસ્કોલરને વાર્ષિક રૂ. ૨૨૫૦ અને હોસ્ટેલરને રૂ. ૪૫૦૦ પ્રમાણે શિષ્યવૃત્તિ આપવા અંગેનો રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે અને તેનો અમલ તા. ૧-૭-૨૦૧૨ થી કરવાનું પણ નક્કી કર્યું છે.

આમ હવે ધોરણ-૯ અને ૧૦માં અભ્યાસ કરતાં રૂ. ૨ લાખની આવક મર્યાદા ધરાવતા અનુસૂચિત જાતિના વાલીના બાળકોને વાર્ષિક રૂ. ૨૨૫૦ થી રૂ. ૪૫૦૦ સુધી શિષ્યવૃત્તિ આપવામાં આવશે. જ્યારે રૂ. ૨ લાખથી વધુ આવક ધરાવતા વાલીઓના બાળકોને રાજ્ય સરકારની યોજના હેઠળ લાભ આપવામાં આવે છે તે ચાલુ રહેશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી વાર્ષિક અંદાજીત ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને રૂ. ૧૨,૦૦ કરોડની શિષ્યવૃત્તિનો લાભ મળશે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવેલ છે.

કેબલ-ચેનલના આકર્ષણથી સામાજિક સંવેદના ઘસાતી જાય છે

સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

સંસ્કૃતિ પર ટીવીના આક્રમણ બાદ ઇન્ટરનેટ અને મોબાઇલના આક્રમણે દાટ વાળ્યો છે. મોબાઇલે માનવ જાત પર એવો કામણ કર્યા છે કે અર્બન વિસ્તાર હોય કે પોશ વિસ્તાર કોઇ એની અસરમાંથી મુક્ત રહી શક્યું નથી. તે રોમાંચિત પણ કરી શકે છે તો કોઇનાં રૂંવાડા પણ ઊભા કરી શકે છે. કોઇનાં જીવનમાં વસંત પણ ખીલવી શકે છે તો કોઇનાં જીવનમાં પાનખર લાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. તેની રીંગટોનનો કોઇને ઇન્તજાર હોય છે તો કોઇ તેની રીંગટોનથી બચવા તેને સાઇલન્ટ મોડમાં પર મુકી દે છે. મોટે ભાગે યુવાનોના માનીતા આ ડિવાઇસે એવી માયાવી ભ્રમજાળ ઉભી કરી છે કે યુવાનોને તો તેના વિના ઘડીભર ચાલતું નથી. તેણે માનવીને સાવ સહજતાથી જુઠું બોલતાં પણ શીખવી દીધું છે. માયાવી મોબાઇલની રંગીન કહાની અત્રે પ્રસ્તુત છે. આ સત્ય ઘટનાના પાત્રો પરિવર્તિત છે.

ગાંધીનગરનાં પોશ વિસ્તાર જેવા એક સેકટરનાં અર્બન એરિયામાં એક નાનકડાં ૧૦' X ૧૦' ની ઝૂંપડીમાં સવારે નવ વાગે મોબાઇલમાં રીંગટોન રણકે છે... ૧૫-૧૬ વર્ષની એક નમણી, અર્ધશિક્ષિત પણ ચાલાક છોકરી મોબાઇલ રીસીવ કરે છે અને સાવ ખોટું ખોટું બોલે છે... હા, સાહેબ, તમારા ઘરે કચરાં પોતું કરવા ૧૦ જ મિનિટમાં આવું છું. અને એ ચબરાક છોકરી બહાર નીકળતાં પોતાની માને કહેતી જાય છે. મા, હું સાહેબને બહાર ગામ જવાનું હોવાથી તેમના ઘરે કચરા-પોતું કરીને આવું છું. તું શાક-રોટલા બનાવી રાખજે. અને ગળે મોબાઇલ લટકાવી આ છોકરી ઝડપથી ઘરની બહાર નીકળી જાય છે. આધુનિકતાના રંગે રંગાયેલી આ છોકરીનું નામ સંગીતા... સેક્ટર ચાર-પાંચ ઘરનાં કચરા-પોતું અને વાસણ માંજવાનું કામ કરે છે. પણ તે ખુબ ચબરાક, અને દેખાવડી છે. મોબાઇલ પર લાંબી લાંબી વાતો કરવાની તેને ટેવ છે. સામેનું પાત્ર કોણ છે તે જાણવાની તેને જરાય દરકાર નથી. બસ તેને લગાવું જોઇએ કે સામે છેડે કોઇ યુવાન છે અને રંગીલો છે. પછી તેની રોમાંટિક વાતો શરૂ થાય. એવી ચુલબુલી અને રંગીન વાતો કરે કે સામેનો યુવાન મોબાઇલ મુકવાનું નામ જ ન લે... સાંભળ્યા જ કરે... એક બે યુવાન સાથે એણે ફ્રેન્ડશીપ પણ કરેલી તેઓ મોબાઇલના બિલ ભર્યા કરે. કેટલાક યુવાનો તેની રંગીન વાતો સાંભળવા સામેથી પણ ફોન કરે. સંગીતા ગમે તે મોબાઇલ નંબર ઉપર દરરોજ નવા નવા મુરઘા શોધી કાઢે અને રોમાંટિક વાતો કરી આનંદ મેળવે.

આ તેનો રોજનો ક્રમ થઇ ગયેલો. રોજ નવા નવા નંબર ઉપર ડાયલ કરે. સામેનું પાત્ર રસિક હોય તો વાતોનો દોર ચાલુ રાખે નહિતર રૉંગ નંબર કહી મુકી દે... અને પછી તો સંગીતા જાણે હવામાં ઉડવા લાગી તેને થયું કે કેવા સારા સારા ઘરનાં છોકરા મારા પર કુરબાન છે? કોઇને પોતાનું સરનામું ન જણાવે. સૌને કહે હું બ્યુટીપાર્લર ચલાવું છું. તે એટલી ચબરાક કે યુવાનોને રોમાંચિત કરવા માટેનાં કામચલાઉ અંગ્રેજી શબ્દો પણ શીખી ગયેલી. પ્રેમની કોઇ ચોક્કસ પરિભાષા નથી હોતી તેમાં જે પણ કાલીઘેલી ભાષા બોલાય તે મીઠી જ લાગે. સંગીતાએ આવી ભાષામાં પ્રવીણતા મેળવી હતી. સંગીતનો શોખ વધતો ગયો... એમ કરતાં અમદાવાદના એક યુવાન લેબર કોન્ટ્રાક્ટરનો નંબર તેને ક્યાંકથી મળી ગયો. અને સંગીતાએ સંગીતની એવી સરગમ છેડી કે કોન્ટ્રાક્ટરને પગથી તે માથા સુધી ઘાયલ કરી નાખ્યો. હવે તો કોન્ટ્રાક્ટરને પણ સંગીતાની લગની લાગી ગઇ. તે સવાર, બપોર, સાંજ સંગીતા સાથે વાતો કર્યા જ કરે.

સંગીતા પણ આ યુવાન કોન્ટ્રાક્ટરના મોહપાશમાં સપડાઇ ગઇ. તેણે રૂબરૂ મળવાનો આગ્રહ કર્યો. બંને એક ગેસ્ટ હાઉસમાં મળ્યા. ખુબ વાતો કરી. આજ સુધી દિલ મળ્યા હતા. આજે શરીર મળ્યા... અને પછી તો સંગીતા બેકાબુ બની ગઇ. મોટા સાહેબોનાં વધુ ઘરકામ બાંધ્યા છે એમ કહીને વધુને વધુ ઘરની બહાર રહેવા માંડી. કોન્ટ્રાક્ટર સાથે તમામ મર્યાદાઓ વટાવતી ગઇ. કોન્ટ્રાક્ટર પોતે પરણેલો હતો, બે બાળકોનો પિતા હતો પણ આ વાત તેણે સંગીતાથી છુપાવેલી. અને સંગીતા પણ ક્યાં બ્યુટીપાર્લર ચલાવતી હતી? બંને બાજુથી જુઠાણાનો દોર ચાલતો હતો. હવે તો સંગીતાનો દિલ-દરિયો તોફાની બન્યો હતો. સમજો કે હવે તેમાં સુનામીનું તોફાન આવ્યું હતું. તે દિવસે સપના જોવા લાગી. ગાડીમાં ફરવા, બંગલામાં રહેવા... અને જે વ્યક્તિ શરમ નેવે મૂકે તેના માટે આ બધું હાથવગુ હોય છે... હા, નેટવર્ક પકડવા માટે મોબાઇલને પણ ખુલ્લામાં આવવું પડે છે બંદ કમરામાં સિગ્નલ ન મળે. સંગીતાનો મોબાઇલ હવે ખુલ્લા આકાશ તળે હતો. કોઇ પણ નેટવર્ક પકડવામાં તેને ઝાઝી તકલીફો નહોતી પડતી.

એક દિવસ કોન્ટ્રાક્ટરે સંગીતાને પ્રપોઝ કર્યું. ચાલ આપણે ભાગી જઇને લગ્ન કરી નાખીયે. તારા વગર હું નહિ જીવી શકું... સંગીતાને આ ઘડીનો જ ઇન્તજાર હતો. તેણે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર કોન્ટ્રાક્ટરને સંમતી આપી દીધી. હવે સંગીતાના પગ ધરતી પર ટકતા ન હતા... એને થયું... આ જ મૈં જવાન હો ગઇ હું... ગુલ સે ગુલિસ્તાન હો ગઇ હું... તેના રોમેરોમમાં જાણે કે વાસનાની આગ ભડકી હતી. તે રાહ જોવા તૈયાર ન હતી... અને એક દિવસ વહેલી સવારે ઝૂંપડીમાં ગરીબ મા-બાપને સુતા મુકી બગલથેલામાં બે-ચાર જોડી કપડાં લઇ જે કંઇ રોકડાં રીંથરે વીંટી પતરાના ડબામાં મૂકેલાં તે લઇ રવાના થઇ ગઇ. બંને ગીતામંદિર બસ સ્ટેન્ડે ભેગા થયા ત્યાંથી લક્ઝરી બસ દ્વારા કચ્છ ભૂજ રવાના થયા. કચ્છ ભૂજમાં એક મોટી હોટલમાં લક્ઝરીયસ રૂમ ભાડે રાખી બંનેએ જીંદગીનો ભરપૂર આનંદ માણી લીધો... કોન્ટ્રાકટરે કહ્યું સંગીતા, હવે તું મારી જીવનસંગીની બની ચુકી છે. આપણે ભૂજમાં મકાન ભાડે લઇ રહીએ. અને તેઓ ભૂજમાં મકાન ભાડે રાખી રહેવા લાગ્યા...

એક... બે... ત્રણ દિવસ થયા. સંગીતાની ખુબ રાહ જોઇ પણ તે પાછી ન ફરતાં સંગીતાના માતા-પિતાએ તેની શોધખોળ શરૂ કરી. સંગીતાના જૂના મોબાઇલીયા પ્રેમીએ મોબાઇલ પર તેનો કોન્ટેક કર્યો સંગીતાએ પ્રેમીને સઘળી વાત કરી. હવે હું પાછી નહિ ફરૂં મેં લગ્ન કરી લીધા છે. વાત વાતમાં તેણે સરનામું પણ કહી દીધું. પ્રેમીને થયું કે હું લૂંટાઇ ગયો. તેણે જીપ ભાડે કરી. સંગીતાના માતા-પિતાને લઇ ઉપડ્યો ભૂજ જવા. ભૂજમાં જઇ સંગીતાને પકડી લાવ્યો. પિતાએ સંગીતાને ધોલ-ધપાટ કરી... અને સંગીતાના સંગીતના સૂરો હવે બદલાયા... તેણે પોલીસમાં ફરિયાદ કરી કે કોન્ટ્રાક્ટર મને ફોસલાવીને લઇ ગયેલ તેણે મને ધમકાવી મારી સાથે દુષ્કર્મ કર્યું છે. કોન્ટ્રાક્ટરના પગ તળેથી ધરતી ખસવા લાગી... પણ તેનું બચાવનામુ કોઇને મંજૂર ન હતું... યુવાની એ વાત ક્યારે સમજશે કે સપ્તપદીના ફેરા ફર્યા પછી પણ સંબંધને ટકાવવા મથામણ કરવી પડે છે, તે બિકાઉ પ્રેમની સલામતી કેટલી? પણ આજના પ્રેમીઓ પ્રેમની પરિભાષા સમજ્યા હોત તો સમાજમાં બનતી દુર્ઘટનાઓ અટકી જાત... હવે સંગીતાના મોબાઇલની રીંગટોન બદલાઇ છે... તે કોઇ બીજા શિકારની શોધ કરશે...

ચિંતન એ છે કે ગ્લોબલ વોર્મિંગનો ઉપાય કદાચ વૈજ્ઞાનિકો કરશે પણ સોશ્યિલ વોર્મિંગનો ઉપાય કોણ કરશે?